ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૫/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૨૯/૧૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/ ૨૦૨૨/ ૧૨૫૭૩-૭૫.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૭/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૩/૧૭૦૫-૦૬.

આમુખ:-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૨૯/૧૧/૨૦૨૨ના પત્રથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની લાયકાતમાં બી.એડની લાયકાત ધરાવતા એન્જીનિયરીંગ સ્નાતકનો સમાવેશ કરવા બાબતની વિવિધ અરજદારોની રજૂઆત મોકલી આપેલ હતી. આ બાબતની તા.૧૭/૦૫/૨૦૨૩ના રોજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની લાયકાતો અને અન્ય બાબતો માટે ઉચ્ચ કક્ષાની તજજ્ઞ સમિતિ સમક્ષ વિચારણા કરવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૧૭/૦૫/૨૦૨૩ના પત્રથી તજજ્ઞ સમિતિ દ્વારા કરવામાં આવેલ વિચારણા અન્વયે કાર્યવાહી નોંધ મોકલી આપેલ હતી. જેના અનુસંધાને તજજ્ઞ સમિતિના અભિપ્રાય મુજબ માધ્યમિક વિભાગમાં શિક્ષકની લાયકાતમાં જરૂરી સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના વિભાગના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવના માધ્યમિક શાળાઓમાં શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેના પરિશિષ્ટ-૩ના ક્રમાક-૧૧માં આ સાથે સામેલ પત્રક મુજબ સુધારો કરવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 19-May-2023 (04:17 PM)

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના સામેના ઠરાવની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૯/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 19-May-2023 (04:17 PM)

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

# વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH સાથેનું પત્રક

## પરિશિષ્ટ-3

| ક્રમ | વિષય | સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય | | અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત અને વિષય (જો ધરાવતા હોય તો) | | સ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત અને વિષયો | | અનુસ્નાતક કક્ષાએ શિક્ષણમાં વ્યવસાયિક લાયકાત | TAT કસોટીનો વિષય | વિનિયમ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક લાયકાત | વિષય | શૈક્ષણિક લાયકાત | વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-૧નો વિષય | વ્યવસાયિક લાયકાતમાં પસંદ કરેલ પદ્ધતિ-૨નો વિષય | | | |
| | | | | | | | | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | | | |
| ૧૧ | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | બી.એસ.સી. | ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા જીવશાસ્ત્ર પૈકી સંલગ્ન કોઈ પણ વિષયની વિદ્યાશાખામાં સ્નાતક | એમ.એસ.સી | કોલમ-૪માં સ્નાતક કક્ષાએ દર્શાવેલ વિષયો પૈકી જે વિષયમાં સ્નાતક હોય તે વિષયની કોઈપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | | એમ.એડ./શિક્ષા પારંગત | ગણિત અને વિજ્ઞાન ટેકનોલોજી | ૨૦ (3) (૧) |
| | | | | એમ.ઈ./ | - | | | | | |
| | | બી.ઈ./ | - | એમ.ટેક | - | | | | | |
| | | બી.ટેક | - | એમ.ફાર્મ | - | | | | | |
| | | બી.ફાર્મ | - | | | | | | | |

eSign

Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 19-May-2023 (04:17 PM)